# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક , જીઆવ બુડિયા રોડ ,ભેસ્તાન ,સુરત

Phone:: (0261) 2916003,2916040

E-mail: dietsurat@gmail.com Website: www.dietsurat.org


જા.નં : ડાયેટ/ DRU/કલા ઉત્સવ /2025 26067-216 તા.9/12/2025

પ્રતિ,

ટીપીઈઓશ્રી, બીઆરસીકોઓ.શ્રી તથા સીઆરસી કૉ.ઓ.શ્રી તમામ,

શાસનાધિકારીશ્રી, તથા યુઆરસીકોઓ.શ્રી તમામ,

આચાર્યશ્રી, ક્યુડીસી કૉ.ઓ.શ્રી, એસવીએસ કન્વીનરશ્રી, માધ્યમિક-ઉચ્ચતર માં.શાળા તમામ,

સુરત

વિષયઃ જિલ્લા કક્ષાનો "કલા ઉત્સવ " કાર્યક્રમ હેઠળ વિવિધ સ્પર્ધાઓ યોજવા બાબત

સંદર્ભ: (1) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જશભ/૧૨૧૬/૧૩૩/ન તા. ૫/૫/૨૦૧૬

(2) જીસીઈઆરટી પત્રક્રમાંક જીસીઈઆરટી/કલાઉત્સવ/2025/24307-425,તા.23/9/2025.

સવિનય ઉપર્યુકત વિષય અને સંદર્ભ ઠરાવ અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓમાં ચિત્રકલા કૌશલ્ય, સાહિત્ય રચના કૌશલ્ય, વાદ્ય કૌશલ્ય વગેરે જેવા વિવિધ કૌશલ્યોના વિકાસના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડી શકાય તથા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે માટે વર્ષ 2025-26માં જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા કલા ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ક્લા ઉત્સવની થીમ "ગુજરાત@2047" રાખેલ છે. જેમાં ગુજરાત રાજ્યને ધ્યાને રાખી સંસ્કૃતિ, કવિઓ, સ્થાપત્યો, ઐતિહાસિક વારસો, કુદરતી વારસો, સાહિત્ય, તહેવારો, મેળાઓ, હસ્તકલાઓ, વીરાંગનાઓ, ભાષાઓ, નૃત્ય વગેરેનો સમાવેશ કરી શકાશે.

જિલ્લાકક્ષાનો કલા ઉત્સવમાં ઉક્ત થીમ આધારિત ચિત્ર સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન)નું આયોજન તા.15/12/2025નાં **રોજ પ્રાથમિક વિભાગ** અને તા.16/12/2025નાં **રોજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની સ્પર્ધા** યોજવામાં આવશે. જેના સ્થળ, તારીખ અને સમયનું આયોજન નીચે મુજબ છે. તો તમામ તાલુકા (બી.આર.સી.) કક્ષાના અને svs કક્ષાના પ્રથમ ક્રમના વિજેતાઓને સ્પર્ધાના સ્થળે અચૂક હાજર રહે તેવી વ્યવસ્થા આપની કક્ષાએથી ગોઠવવી.

| વિભાગ | તારીખ | સ્થળ | રજીસ્ટ્રેશન સમય |
|---|---|---|---|
| પ્રાથમિક | 15/12/2025 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત | સવારે 10.30 કલાકે |
| માધ્યમિક | 16/12/2025 | | સવારે 10.30 કલાકે |
| ઉચ્ચતર માધ્યમિક | 16/12/2025 | | બપોરે 10.30 કલાકે |

નોધ :-1. વિદ્યાર્થી અને શિક્ષક્ના બેંક એકાઉન્ટની વિગત (બેંકનું નામ, શાખા, ખાતા નંબર, ifsc code ) સાથે લાવવા જણાવવું.

2. ભોજન વ્યવસ્થા બપોરે 12.30 થી 2.00 દરમિયાન કરવામાં આવેલ છે.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરત

નકલ સવિનય રવાના

- નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર.
- પ્રોજેક્ટ ઓફિસરશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર.

નકલ રવાના

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત.
- લાયઝન ઓફિસરશ્રી, ડાયેટ સુરત તમામ.